Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૧ • અંક : ૧૯ • તા. ૦૭ મે ૨૦૧૮ થી ૧૩ મે ૨૦૧૮ • વાર્ષિક લવાજમ રૂ. ૫૦ • Regn.No. MCS/217/2018-20

## મંજલ રેલડીયા નગરે અદ્યતન અતિથિગૃહ - ભોજનાલય (પ્રેમધન સંકુલ) તથા ૧૩૬મી ધ્વજા મહોત્સવ


ગચ્છાધિપતિશ્રીનો નગર પ્રવેશ


ગચ્છાધિપતિશ્રી દ્વારા માંગલિક


દાદાના શિખરે ૧૩૬મી ધ્વજા લાભાર્થી પરિવારો


ગ્રામજનોનું સામૈયું


'પ્રેમધન' સંકુલ લાભાર્થી પરિવાર


સામૈયામાં સામેલ નિયાણી બહેનો


ધ્વજાના લાભાર્થી કલ્યાણજીભાઈને આવકાર


અતિથીઓ દ્વારા સંકુલ ઉદ્‌ઘાટન


'પ્રેમધન' સંકુલના લાભાર્થી પરિવાર


ભોજનાલય ઉદ્‌ઘાટન લાભાર્થી સાથે


'જલધારા' લાભાર્થી પરિવારજનો


સંકુલ ઉદ્‌ઘાટન ખુશાલીસહ મે. ટ્રસ્ટી તથા પ્રમુખશ્રી


રંગલા-રંગલી દ્વારા ગામની ઐતિહાસિક ઝાંખી


ટ્રસ્ટીઓ દ્વારા અધિકારીઓનું બહુમાન


અઢાર અભિષેકમાં મગ્ન સજ્જનો


અઢાર અભિષેકમાં તલ્લીન સન્નારીઓ


ધ્વજાના લાભાર્થી ધ્વજ દંડ ચડાવતાં


કલ્યાણજીભાઈ વોરાનું પ્રમુખશ્રી દ્વારા બહુમાન


ધ્વજા લહેરાવ્યા બાદ ખુશખુશાલ પરિવારજનો


ધ્વજા લાભાર્થીઓ સાથે પ્રમુખશ્રી લક્ષ્મીચંદ ગોસર


મહોત્સવના કાર્યકરોમાંના સભ્યો

સંવત ૨૦૭૪ || આદીનાથાય નમ:|| સન ૨૦૧૮

શ્રી આર્ય-જય-કલ્યાણ-ગૌતમ-નીતિ-દાન-નેમ-ગુણ-ગુણોદય-કલાપ્રભ-કવિન્દ્ર-વીરભદ્ર-મહોદયસાગરસૂરિભ્યો નમ:

# ધન્ય ધરા કચ્છની પ્યારા સાંયરા ગામની વાત જ ન્યારી

## શ્રી સાંયરા તિર્થે રૂડો અવસર આવ્યો

# ચાતુર્માસના વધામણા



તા. : ૦૨-૦૫-૨૦૧૮

## શ્રી કચ્છી દશા ઓશવાલ સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ

દિવ્ય કૃપાઃ રાષ્ટ્રસંત, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબ

શુભ આશિષઃ તપચક્રવર્તિ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભા. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ. સા.,

સાહિત્ય દિવાકર પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા., વર્ષીતપ આરાધક પ.પૂ.આ.ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.,

જ્યોતિષાચાર્ય પ.પૂ.આ.ભ. શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા. આગમાભ્યાસી પ.પૂ.આ.ભ. શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.

આપને આમંત્રણ આપતા હૈયે હિલોળે ચડ્યા છે... મન પ્રફુલ્લિત બન્યા છે... તન ઉપર ગુલાબી પથરાઈ છે...
કારણ ? ગુરૂ ભગવંતોની પધરામણીની વાંસળી વૃંદાવનનું સર્જન કરવા થનગની રહી છે. અમારા સંઘના અહોભાગ્યે
પરમ વિદુષી પ.પૂ.સા. શ્રી ચારૂલતાશ્રીજી મ.સા.ના શિષ્યા હિતચિંતક પ.પૂ. સાધ્વી શ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા.,
પ.પૂ. સાધ્વીશ્રી અનંતયશાશ્રીજી મ.સા., પ.પૂ. સાધ્વી શ્રી અર્પુવયશાશ્રીજી મ.સા. તથા
પ.પૂ. સાધ્વીશ્રી અર્હમયશાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૪ નું વાજતે ગાજતે સામૈયુ કરવામાં આવશે.

સંગીતકાર : કચ્છની કોયલકંઠી નીશાબેન સંઘવી (માંડવીવાળા)
પ્રવેશ અને ચાતુર્માસમાં મધુરમય સંગીતની સુરાવલી જમાવશે.

ચાતુર્માસના પડઘમ વાગ્યા છે ત્યારે સંવત ૨૦૭૪ના ચાતુર્માસ મંગલમય પ્રવેશ, પર્યુષણ પર્વ, વિવિધ જ્ઞાનવર્ધક શિબિરોમાં સમસ્ત સાંયરાવાસી, નિયાણી બહેનો સહપરિવાર, તપ-જપ-આરાધના કરવા માટે પધારવા આનંદ સભર આમંત્રણ...

## -: સંપૂર્ણ ચાતુર્માસના દાતાશ્રી :-

## માતુશ્રી દમયંતી રતનશી કુંવરજી લોડાયા પરિવાર (સાંયરા)

## પ્રવેશ : અષાઢ સુદ ૯
## શુક્રવાર, તા. ૨૦-૦૭-૨૦૧૮ સવારે ૧૧.૩૦ ક.

દેશાવર-મુંબઈથી સાંયરા ટીકીટના દાતાશ્રીઃ માતુશ્રી ધનબાઈ શીવજી ચત્રભોજ લોડાયા પરિવાર
૪૫ દિવસ થી વધુ રહેનારને રીટર્ન ટિકીટ આપવામાં આવશે.

ચાતુર્માસમાં પ્રવેશ, પર્યુષણ પર્વ તેમજ દોઢ મહીનો અથવા ચાર મહીના સાંયરા આવનાર ભાઈ-બહેનોએ રહેવાની સગવડતા માટે તા. ૩૦-૦૬-૨૦૧૮ સુધી જાણ કરવા વિનંતી.

**: સંપર્ક સૂત્ર :**

વાલજી ખોના: ૯૮૨૦૪૩૮૭૮૪/૯૯૦૪૯૭૨૪૦૩ રતીલાલ ધ્રોળ: ૯૮૨૦૮૬૫૮૦૬/૯૭૨૪૩૮૨૨૩૨
હીરાચંદ શાહ: ૯૮૧૯૧૭૦૪૭૦ દિનેશ પટેલ: ૯૮૨૦૬૭૮૦૫૧ પદમશી લોડાયા: ૯૯૩૦૮૦૫૦૦૫

**: નિમંત્રક :**

## શ્રી ક. દ. ઓ. સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ

જય જય આદિનાથ... જય જય આદિનાથ...

UPASANA-9820167767

**આદ્યતંત્રીઓ**

''પ્રકાશ''

ડૉ. વેલજી પાસ્વીર ગોસર

''સમીક્ષા''

સનત્ શાહ અને

ગોવિંદજી જીવરાજ લોડાયા

''પ્રકાશ સમીક્ષા''

સનત્ શાહ

**: તંત્રી :**

રાયચંદ આર. નાગડા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**

પ્રમુખ : CA હીરાચંદ દામજી દંડ

માનદ્મંત્રી : ઉદયન લાલજી લોડાયા

કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર

**અન્ય ટ્રસ્ટીઓ**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા

રાયચંદ રતનશી નાગડા

શરદ કાંતિલાલ શાહ (નાગડા)

કેશરસિંહ આણંદજી ખોના

તિલકચંદ કુંવરજી લોડાયા

કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા

પંકજ પ્રતાપ શાહ

શૈલેશ સનત્ શાહ

જયંત વિશનજી છેડા

મુકેશ ભવાનજી લોડાયા

**અન્વેષક**

CA મણિકાંત વસનજી નાગડા

**અંક નં. 19/2018**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463 / 64 / 65**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

## પ્રકાશ સમીક્ષાના હાર્દિક અભિનંદન



**સમગ્ર જ્ઞાતિના સર્વગ્રાહી ઉત્કર્ષાર્થે,**
**દરેકેદરેક જ્ઞાતિજન માટે,**
**કટોકટી કે અન્ય પરિસ્થિતિમાં ઉપલબ્ધ,**
**24 x 7 સક્રિય,**
**સંપર્કરેખાના પરિકલ્પનાકાર અને**
**આગામી જ્ઞાતિ સંમેલનના મુખ્ય સુત્રધાર**
**'સમસ્ત મહાજન'ના નવ નિયુક્ત સેક્રેટરી જનરલ.**
**શ્રી નિશીથ આણંદીલાલ દંડ (તેરા-વડોદરા)નો**
**આશા, અપેક્ષા અને અભિલાષાભર્યો સંદેશ.**

## કે.ડી.ઓ. જ્ઞાતિ નવીન અભિગમ પ્રતિ...

પ્રિય જ્ઞાતિજનો, ભાઇઓ-બહેનો, વડીલો અને બાળકો

સૌ પ્રથમ, જ્ઞાતિની સર્વોચ્ચ સંસ્થા ''સમસ્ત મહાજન'' ના જનરલ સેક્રેટરી તરિકે મારી નિમણુંક કરવા બદલ સમસ્ત મહાજન ટ્રસ્ટ બોર્ડનો ખૂબ આભાર માનું છું.

મારા પરિચયમાં મારે મારા વિચારો વ્યક્ત કરવા છે. આપણે બધા સાથે મળીને જ્ઞાતિને ઉચ્ચ સ્તરે લઇ જઇશું એવી મને શ્રધ્ધા છે.

ક.દ.ઓ. એ મહાન જ્ઞાતિ છે. તમે સૌ જાણો છો કે લગભગ ૬૦૦ વર્ષ પહેલાં આપણી મૂળ નસલ (રાજસ્થાન) એશિયામાં ઉદ્ભવી છે, અને પછી કચ્છમાં સ્થળાંતરીત થઇ. આપણા પૂર્વજોએ ઘણો કપરો સમય જોયો છે, અત્યંત હાડમારી, દુકાળો અને નિર્જલ ધરતી જેવા ઘણા બધા પડકારો વચ્ચે પણ તેઓ ઝૂઝયા અને નવી ધરતી પર સ્થાયી થયા. સં. ૧૮૦૦ના વખતમાં તેઓએ સમાજમાં ઉમદા નામ કમાવ્યું અને ક.દ.ઓ. નામને ઉચ્ચતમ સ્તરે લઈ ગયા.

પછી સમય આવ્યે આપણે મધ્યમ વર્ગ - ઉચ્ચમધ્યમ અને કેટલાક અતિ-ધનિક થયા. તમને નવાઇ લાગશે કે હું આમ કેમ કહું છું, ઘણાને ખબર પણ હશે. આપણે બધા જાણીએ છીએ કે દુનિયા તેજગતિથી બદલાઇ રહી છે, સાથે આપણો સમાજ પણ. યુવાનો હવે તેમની કલ્પના અને આકાંક્ષાઓ સાથે જુદી જ દુનિયામાં જીવે છે.

ચાલો આપણે સત્યનો સામનો કરીએ. આજે સમયનો તકાદો છે કે ક.દ.ઓ. જ્ઞાતિને જાગૃત કરી નવા અભિગમ સાથે સફળતાના શિખરે લઇ જવી. ભૂતકાળના યશસ્વી દિવસોને આપણે ફરી જીવંત કરવા છે. દેશ અને દુનિયામાં આપણે સુંદર (મોડલ) સમાજનો દાખલો બેસાડવો છે. વિશ્વની સૌથી વધુ એકજુટ અને ઉમદા જ્ઞાતિ છે ક.દ.ઓ. જ્ઞાતિ વિકાસ દ્વારા આપણે વિશ્વ શાંતીના અંશ તરિકે સિમાચિન્હરૂપ થવું છે.

આ બધું તો ઠીક, પણ આપણે એ માટે તૈયાર છીએ ? મારા મનમાં સવાલ થાય છે કે, આજે સર્વોત્તમ જ્ઞાતિ તથા બંધારણ છતાં આપણે વિખરાયેલા અને વિભાજીત છીએ? આપણા અભિમાન-વાદ વિવાદ આપણને નીચે પાડે છે ? આપણા જ્ઞાતિજનો વચ્ચે પૂર્વગૃહો છે ?

આનો જવાબ છે સંપ - એકજુટની શક્તિનો વિચાર કરો. જો આપણા બધા પ્રયત્નો સાથે મળીને હશે - સાથે કામ કરશું એમાંજ ઉત્કર્ષ થશે. 'લીડરશીપ-સમીટ ૨૦૧૭' તે માટેનો એક પ્રયાસ હતો. તે ભગીરથ કાર્યક્રમ હતો. લીડરશીપ દ્વારા ક.દ.ઓ. માં નવો અભિગમ - દૃષ્ટિકોણ જાગૃત કરવા સમજાવવા. એ ભવ્ય વિચાર-મંથન કાર્ય હતું. એ બધી માહિતના નિષ્કર્ષ સાથે કામ કરવાથી પ્રગતિ થાય.

લગભગ ૨૫ વર્ષો જેવા લાંબા સમય પછી હવે આપણું જ્ઞાતિ-સંમેલન ડીસેમ્બર ૨૦૧૮માં નિર્ધારિલ છે. આ એક સોનેરી તક છે આપણા બધા સ્વપ્નોને સમજવાની તથા તેમને સાકાર

કરવા અગ્રસર થવાની. સૌને નમ્ર વિનંતી કે 'ક.દ.ઓ. વિઝન' માટે મારા વિચારો જાણો અને સમજો.

**નમ્ર નિવેદન, શાંતીથી સ્પીકર ચાલુ કરી 'ક.દ.ઓ. વિઝન' વિડીઓ પરિવાર તથા જ્ઞાતિજનો સાથે જુઓ.**

**https://www.youtube/Dkws_heXMuY**

ફરીથી આપ સૌને ધન્યવાદ.

ક.દ.ઓ. ઉત્કર્ષ ના ઉમદા ધ્યેય માટે આપ સૌના સંપૂર્ણ સહયોગની આશા સાથે.

**- નિશીથ આણંદીલાલ દંડ** (તેરા-વડોદરા)
સેક્રેટરી જનરલ,
શ્રી કચ્છી દશા ઓશવાલ સમસ્ત મહાજન

**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર + 5% GST**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 10,000/- | - |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

## બાયઠવાસીઓ જોગ

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન બાયઠ
### શ્રી બાયઠ ક.દ.ઓ. જૈન મહાજન ટ્રસ્ટ

આગામી પર્વાધિરાજ પર્યુષણ પર્વની આરાધના કરવા સૌ બાયઠવાસી ગામાઈઓ તથા આપણી નિયાણી બહેનોને બાયઠ મુકામે સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવતા અત્યંત હર્ષ અનુભવીએ છીએ.

પર્વાધિરાજ પર્યુષણ પર્વની ભવ્યાતીભવ્ય ઉજવણી કરવા તા. ૫-૯-૨૦૧૮થી ૧૪-૯-૨૦૧૮ સુધી સ્થાનિકે આપ સૌની રહેવાની તથા સાધર્મિક ભક્તિની વ્યવસ્થા મહાજનશ્રી તરફથી કરવામાં આવેલ.

પર્વ કરાવવા તથા સાધર્મિક ભક્તિ કરવા આપ સૌના નામો નીચે જણાવેલ મહાનુભાવો પાસે લખાવવા નમ્ર વિનંતી.

તા. ૧૫-૯-૨૦૧૮ના ચૈત્ય પરિપાટીનું આયોજન કરવામાં આવેલ છે. ચૈત્ય પરિપાટી તથા સાર્ધમિક ભક્તિ કરાવવા લાભ લેવા ઈચ્છતા ભાગ્યશાળી પરિવાર પોતાનું નામ લખાવી શકે છે.

તા. ૫-૯-૨૦૧૮ના સાંજના ૭.૦૦ કલાકે સ્થાનિકે ઉપાશ્રયમાં સાધારણ સભાનું આયોજન કરવામાં આવેલ છે. સૌ સભ્યોને સમયસર પધારવા નમ્ર વિનંતી.

**નામ લખાવવા માટે**

**શ્રી જગદીશ ડુંગરશી દંડ - 9820775677**
**શ્રી જીતેન્દ્ર રતીલાલ નાગડા - 8169513313, 9324341878**
**શ્રી નીલેશ મેઘજી પોલડીયા - 9925853680**
**શ્રી લક્ષ્મીચંદ લાલજી પોલડીયા - 9930008339**

લી. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન તથા ટ્રસ્ટના માનદમંત્રીઓના જય જિનેન્દ્ર

## શ્રી જખૌ રત્નટુંક જૈન દેરાસર તથા તેના સાધારણ ફંડ ટ્રસ્ટ
## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ જખૌ મહાજન

**જખૌવાસીઓ, મહાજનશ્રી ના સભ્યો, નિયાણી બહેનોને સહપરિવાર પધારવા જખૌ-ટ્રસ્ટ અને મહાજન આમંત્રણ આપે છે**

**૧) ધ્વજા મહોત્સવ : શનિવાર તા. ૨૩મી જૂન ૨૦૧૮**
(પ. પૂ. શ્રી અનંતયશાશ્રીજી મ.સા. આદીઠાણા ૪ શુભ નિશ્રા આપશે)
**૨) પર્યુષણ પ્રારંભ : ગુરૂવાર તા. ૦૬-૯-૨૦૧૮ થી**
**: ગુરૂવાર તા. ૧૩-૯-૨૦૧૮**
**નોંધ : મુંબઇથી મંગળવાર તા. ૦૪-૦૯-૨૦૧૮ નાં ટ્રેન નં.- ૧૯૧૧૫ સયાજી એકસ્પ્રેસ, દાદર-ભુજ અને આવતી વખતે શનિવાર તા.૧૫-૦૯-૨૦૧૮ ના ટ્રેન નં.૧૯૧૧૬ સયાજી એકસ્પ્રેસ, ભુજ-દાદર માં આપે આપની ટીકીટ કઢાવીને અમને ઝરોક્ષ મોકલશોજી.** (ટીકીટ ૪ મહીના અગાઉથી નીકળતી હોવાથી જરૂરથી ધ્યાન આપશો)
**જતી વખતે-આવતી વખતે ટ્રેનમાં ખાવા-પીવાની વ્યવસ્થા મહાજન તરફથી કરવામાં આવશે. તેમજ બસ ભુજ થી જતૌ-જખૌ થી ભુજ વ્યવસ્થા મહાજન તરફથી કરવામાં આવશે.**
**૩) ચૈત્ય પરિપાટી-દેવ,દર્શન,વંદન : ૨૧-શુક્ર,૨૨-શનિ, ૨૩-રવિ,૨ રાત્રી ૨ દિવસ, સાપુતારા,વણી,નાસીક, દેવલાલી, ધર્મચક્ર,એ.સી.બસ,+એ.સી.ધર્મશાળા,વ્યકિત દીઠ :રૂા.૧૫૦૦/-**
**૪) સ્નેહ મિલન : રવિવાર તા. ૨/૯-૧૨-૨૦૧૮**
**પ્રમુખ : શ્રી કાંતીલાલ કે. વીકમશી**
**માનદમંત્રીઓ : શ્રી જયંતીલાલ દેવશી મૈશેરી : ૯૮૧૯૭૪૮૨૫૦**
**શ્રી ચાંપશી ડુંગરશી હેફા : ૯૮૨૦૬૫૯૮૦૯**

# DO TOWARDS A NEW BRIGHT VISION

Dear Gnyati brother's sisters, vadils and my little angels

First of all a BIG THANK YOU to the samast mahajan trust board for appointing me as a general secretary of gnyatis apex body "SAMAST MAHAJAN"

I am sure we will all together take the gnyati to a new height .i wanted to share my thoughts as an introduction:

KDO kutchi Dassa Oswal is a great community, our roots as you all know originated from osia (Rajasthan) and then to Kutch about 600 year ago, our ancestors saw the worse times and extreme hardship, drought famine and waterless land.. but they fought the adversity and moved to new places and established themselves , not only that they made the mark in the society and took KDO NAME to the extreme pinnacle in the 1800 era ..Then came the era of effluence and we became middle class and few to the higher middle class and few ultra-rich. You all must be wondering that why I am saying all this, some of you maybe also know this. We all know that world is changing at a very fast pace and so is our society .the youth now live in a different world and their aspirations and expectations are different. **"let's face the reality"**. I feel the need of hour is to arise and awaken to take KDO this great legendary community to a new vision and to the next pinnacle of success , we want to re-live those past days of extreme success, we want to set an example to the nation and the world that what a good model community development is , we want to tell the world that we KDO ARE THE MOST UNITED AND THE MOST UNIQUE COMMUNITY OF THE WORLD. WE WANT TO BE THE BENCH MARK OF COMMUNITY DEVELOPMENT AND THROUGH THAT BE A PART OF GLOBAL PEACE PROGRAMME.

**ALL THIS IS OK BUT DO YOU THINK WE ARE READY ??**

Some of the questions which come to my mind are, Today in spite of the best community structure, we are Fragmented , Divided Our egos are pulling us back ? We have prejudice to our gnyati brothers and sisters ?

The answer is IMAGINE THE POWER OF ONENESS, if our resources are united, our efforts are one, we work together for us, who will benefit ? Obviously us, we the KDO .

Leadership summit 2017 was an attempt to do this, it was a major management exercise with the leaders and thought leaders to draft a new vision of KDO, it was a major brainstorming exercise to understand who we are why we are , with all the data we could establish that we can be the best if we work towards it ..

Now, we have our gnyati samelan on the anvil scheduled in December 2018 , almost after 25 long years .a golden opportunity for all of us to plan and implement all what we dream for Kdo and us .

Dear all, with this I just humbly request to go through to know my thoughts on the kdo vision.. My only request is before you see the video. Sit in a peaceful place whether home office or vacation and put on the speakers , ideally if you sit with your family or kdo community it will be the best ..

Once again a big thank you for patiently reading my short thoughts. And hoping for full support for the noble cause of KDO DEVELOPMENT .

Please go through the video link
**https://www.youtube/Dkws_heXMuY**



**NISHITH ANAD DAND**
GENERAL SECRETARY
SAMAST MAHAJAN

**પ્રકાશ સમીક્ષાનો બેન્ક એકાઉન્ટ નંબર બદલાયો છે.**

પ્રકાશ સમીક્ષાના અરિહંત બેંકમાં ખાતા નંબર અને બ્રાંચનું સ્થળ બદલાયાં છે જેની કૃપયા નોંધ લેશોજી.

For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 004003000002 |
| Name of the Bank | : Shri Arihant Co-op Bank Ltd. |
| Branch | : Chinch Bunder, Mumbai - 400 009. |
| IFSC Code | : ICIC00ARIHT (after ICIC it is zero zero) |
| MICR Code | : 400800005 |
| Name of the Account: | Shri C D O Prakash Samiksha Samiti |

રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1982...
Lagna Deep

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229

# "મંગલકારી મંજલ નગરે શ્રી આદિશ્વરજી દાદાનાં જિનાલયે ૧૩૬મો ધજા મહોત્સવ તેમજ ભવ્યાતિભવ્ય અતિથીગૃહ અને ભોજનશાળાનું ઉદ્ઘાટન ધામધુમથી ઉજવાયો"

**'' અબડે અડભંગજે મોરે મથે, મંજલ ગામ વસાણું;**
**પંજ પંજ તરા જેં જેં ગોઠમેં, મંગલઈયે પીર સ્થાપાણું,**
**અસાંજો મંજલ આય રળિયામણું...**

તા. ૨૩/૦૪/૨૦૧૮ની રાત્રે લગભગ ૬૦ વર્ષ પછી મંજલ નગરે કચ્છી ભવાઈ રજુ થઈ જેમાં મંજલની ઝલક દર્શાવતી ઉપરની પંક્તિઓ રજુ થઈ હતી.

અબડાસા તાલુકાના પાંચ નાના-મોટા તળાવો કયારેક ભરેલા તો કયારેક સાવ ખાલીથી ઘેરાયેલ, ટેકરીની ઉપર બિરાજમાન પક્ષીઓના કલરવથી ટહુકતું, એક ગામ એટલે મંજલ રેલડિયા / મંજલ મોરેવારી. તારીખ ૨૩/૦૪/૨૦૧૮થી આ શાંત ગામ પ્રવૃતિઓથી ધમધમી ઉઠ્યું.

ભાનુદેવ અષ્ટ અશ્વો પર સવાર થઈ પૂર્વ આકાશમાં ક્ષિતિજથી ઉપર પધારી ગયા હતા ત્યારે શ્રી મંજલ રેલડીયા અચલગચ્છ જૈન સંઘના નિમંત્રણને માન આપી પધારેલ મહેમાનો તથા ગામવાસીઓની નજર રાયધણઝરથી આવતા માર્ગ પર મંડાયેલી હતી, કારણ કે તેમના હૃદયસમ્રાટ ૫૧માં વરસીતપનાં આરાધક **અચલગચ્છાધિપતિ તપચક્રવર્તી પ.પૂ.આ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા., જ્યોતિષાચાર્ય પ.પૂ.આ. શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા., મંજલરત્ન પૂ. મુનિરાજ શ્રી પ્રિયંકરસાગરજી મ.સા.** આદિ ૪ ઠાણાના પુનિત પગલા, ૧૩૬મી ધ્વજા મહોત્સવ અને અતિથિગૃહ તથા ભોજનશાળાના ઉદ્ઘાટન પ્રસંગે પધારી, આશિર્વાદ વરસાવી મંજલ નગરીના દ્વાર પાવન કરવાનાં હતા.

લગભગ સુર્ય મધ્યાહ્ને પહોંચ્યો અને મુંબઈ દેશાવરથી ૨૦૦થી પણ વધુ ભાવિકજનો, પધારેલ મહેમાનો, ગામવાસીઓને લઈ એક પછી એક તુફાનો પહોંચી અને ઢબકતાં ઢોલ અને શરણાઈયોનાં સુર સંગાથે સાફામાં સજ્જ સાજન-માજન એકબીજાનાં સામૈયામાં જોડાઈ ગયા.

બપારેનાં ૩:૩૦ વાગે **પ.પૂ.આ. શ્રી ગુણોદયસાગર-સૂરીશ્વરજી મ.સા.** નાં માંગલિકથી કાર્યક્રમની શુભ શરૂઆત થઈ. **પ.પુ.આ. શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા.** પોતાનાં પ્રવચનમાં મંજલનાં **શ્રાવકશ્રી ભીંયશી માણેક**ને યાદ કર્યા અને મંજલ ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવા આશીર્વાદ આપ્યા.

સમય થઈ ગયો **માતુશ્રી પ્રેમાબાઈ ધનજી કેશવજી લોડાયા** સંકુલનાં મુખ્ય દ્વારનાં ઉદ્ઘાટનનો. મુખ્ય મહેમાન **શ્રી તારાચંદ છેડા**ની ગેરહાજરીમાં તેમનાં સહધર્મચારિણી **શ્રીમતી હંસાબેન છેડા**એ વિધિપૂર્વક મુખ્ય દ્વારનું ઉદ્ઘાટન કર્યું.

અતિથિગૃહ અને ભોજનશાળાનાં ઉદ્ઘાટનપૂર્વે **પુ. મુનિરાજ શ્રી પ્રિયંકરસાગરજી મ.સા.** પોતાના મનનીય ઉદ્બોધનમાં ૧૩૩મી ધજાનો પ્રસંગ યાદ કરી મંજલનાં દશા, વીશા ભાઈઓને આ અદ્યતન રમણીય સંકુલ ટુંક સમયમાં ઉભું કરવા બદલ પોતાની પ્રશંસા વ્યક્ત કરી.

પોતાનાં મનની ઈચ્છા વ્યક્ત કરતાં કહ્યું કે- આવો જ સુંદર સાથ અને સહકાર શ્રી દેરાસર ટ્રસ્ટ અને શ્રી મં.રે. અ. જૈન સંઘ સાથે સુમેળભર્યો રહેશે તો આવતા વર્ષે સાહેબજીના કરકમલો દ્વારા નૂતન જિનાલયનાં ખાતમુર્હત થશે અને બે થી ત્રણ વર્ષમાં નિર્માણ પામશે.

ત્યારબાદ ઉમળકાપૂર્વ મ.સા. એ ભોજનશાળા અને અતિથિગૃહનાં અન્ય પ્રકલ્પોની ઉદ્ઘાટન વિધિ કરી જેમાં કચ્છ જિલ્લાનાં પધારેલ અધિકારીગણ, જાણીતા સમાજ સેવક-સેવિકાઓએ સાથ આપ્યો.

સાંજના ચોવિહારમાં મોમાય કેટર્સના ભાવતાં ભોજનનો આસ્વાદ લઈ સૌ સંકુલનાં ચોકમાં એકત્રિત થયા અને **શ્રી રાજેશભાઈ કલ્યાણજી વોરા** અને તેમના મિત્ર સંગાથીઓએ સુમધુર સુર અને સંગીત સાથે સૌને ભાવનાના રંગમાં તરબોળ કરી દીધા.

તા. ૨૪/૦૪/૨૦૧૮નાં અઢાર અભિષેકનો કાર્યક્રમ વિધિ વિધાનપૂર્વક **વિધિકારશ્રી ચન્દ્રકાન્ત દેઢીયા**ની હાજરીમાં સંપન્ન થયો. તેજ દિવસે ભાવનામાં **શ્રી ઈરફાન મીરે** પોતાની આગવી અદાથી સંગીત સાથે સુરો વહેવડાવી બધાને ડોલતા કરી દીધા.

તા. ૨૫/૦૪/૨૦૧૮નાં સત્તરભેદી પુજા ભણાવ્યા બાદ **માતુશ્રી કુંવરબાઈ હિરજી કરમશી વોરા પરિવારે** આનંદો ઉલ્લાસથી ૧૩૬મી ધ્વજા ગગન ભેદી જય આદિનાથ... જય આદિનાથ... ના નાદથી ચડાવવાનો લ્હાવો લીધો હતો.

## અભિનંદનના અધિકારી જેમનાં અમે ઋણી છીએ...

* **શ્રી મંજલ રેલડીયા અચલગચ્છ જૈન સંઘ**ના સર્વે ટ્રસ્ટીગણોના - જેમની અવિરત સેવાથી આ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયું
* **શ્રી મં. રે. અ. જૈ. સંઘના કિશોરોનું** જેમણે સંયમપૂર્વક વ્યવસ્થા સંભાળવામાં સાથ આપેલ - ચેતન ગોસર, રીતેશ ગોસર, કેયુર ગોસર, જીજ્ઞેશ ગોસર, જયેશ ધરમશી, હીરેન લોડાયા, સમીર લોડાયા, ઉપેન ગડા, પંખીલ ગડા, રૂપલ વોરા, મિલ્કી ગોસર, સ્વાતી ગોસર, રોશીની ગોસર, રૂપલ શાહ, નેહલ ગોસર, ગીતા ગાલા, શાંતિલાલ ગોસર, અંજના ગોસર, મન ગોસર, નીતા ગોસર, અંજલી ગોસર, હરીશ સાયલા, અનીલ દંડ, વંદના હીરેન ગડા, નીલય હીરેન ગડા, નીતા સુર્વે (સરતચુકથી કોઈના નામ રહી ગયા હોય-મિચ્છામિ દુક્કડ્મ્)
* **વિધિકારશ્રી ચન્દ્રકાન્ત દેઢિયા** જેમણે વિધિ-વિધાનપૂર્વક હૃદયના ભાવથી સંગીતના સથવારે અઢાર અભિષેક અને સત્તરભેદી પુજા ભણાવી, પ્રભુ ભક્તિના રંગમાં સૌને રંગી દીધા.

✻ **શ્રી નારાણજી લખમશી દંડ** (પૂજારીશ્રી) મહોત્સવના ત્રણેય દિવસ દેરાસરજીમાં સુવ્યવસ્થા જાળવવા બદલ.

✻ **શ્રી ગિરિશ મહારાજ, મોમાય કેટર્સ**ના સુમધુર સ્વાદિષ્ટ ભોજન થાળ પીરસવા બદલ.

✻ **શ્રી સોમીલભાઈ, છેડા મંડપ ડેકોરેશન**-રાયણ તડકામાં ચંદરવો બાંધી અસહ્ય ગરમીમાં મીઠો છાયડો આપી, દેરાસરજીને વિવિધ લાઈટના રંગોથી સુશોભીત કરવા બદલ.

✻ **શ્રી મંજલ રેલડીયા ગ્રામ પંચાયત**ના સર્વે અધિકારીશ્રીઓનો સાથ અને સહકાર બદલ.

✻ **સમગ્ર કાર્યક્રમને કચકડા**માં સુંદર રીતે અંકિત કરવા બદલ શ્રી હરીશ ગોશર, હીના ડીજીટલ સ્ટુડિયોના...

✻ આ મહોત્સવને સફળતાના સોપાન સર કરવામાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે અનેક લોકોનો સાથ અને સથવારો પ્રાપ્ત થયેલ છે તે બધાનો વ્યક્તિગત રૂપે આભાર માનવો મુશ્કેલ છે, પણ અમે તે સર્વેના અંત:કરણપૂર્વક આભારી છીએ...

## :: ૧૩૬મી ધ્વજારોહણના ચડાવા અને ઉછામણીના લાભાર્થી ::

✻ ૨,૬૧,૧૬૧/- ૧૩૬મી ધ્વજારોહણના લાભાર્થી :- માતુશ્રી કુંવરબાઈ હિરજી કરમશી વોરા પરિવાર (મંજલ)
✻ ૫૨,૦૯૮/- ૧૮ અભિષેક પૂજનનો કુલ્લ ચઢાવો થયો હતો.
✻ ૧૯,૧૯૧/- સૂર્ય દર્શન :-રીના કૌશીક જેઠાલાલ ગડા (કોટડા-રોહા) હ.: મનાલી નિખિલ નરેન્દ્ર નાગડા (ચાંગડાઈ)
✻ ૧૬,૧૧૬/- ચંદ્ર દર્શન :- રીના કૌશીક જેઠાલાલ ગડા (કોટડા-રોહા)
✻ ૨૧,૧૨૧/- શાંતિ કળશ (૧૮ અભિષેક) :- કુમારી મેરૂલ, ડો. હિરલ રાજેશ કલ્યાણજી વોરા (મંજલ)
✻ ૧૧,૧૧૧/- ૧૦૮ દિવાની આરતિ :- શ્રી રમણિકલાલ ખીંયશી ગડા (મંજલ)
✻ ૮,૦૦૧/- મંગલ દિવો :- શ્રીમતી જયેશ્રીબેન નિરજ ફુરીયા (રાયણ)

**વાર્ષિક ચડાવા**

● ૧૮,૧૧૮/- પ્રક્ષાલ પૂજા :- કુમારી મેરૂલ, ડો. હિરલ રાજેશ કલ્યાણજી વોરા (મંજલ)
હસ્તે : રશ્મી રાજેશ કલ્યાણજી વોરા
● ૧૭,૧૧૭/- કેશર ચંદન પૂજા :- શ્રીમતી ગીતાબેન રમેશ લોડાયા અને શ્રીમતી લતા સોમચંદ ધરમશી
● ૧૭,૧૧૭/- પુષ્પ પૂજા :- શ્રીમતી કલ્પનાબેન શૈલેષભાઈ ગાલા (રોહા-કોટડાવાલા)
શ્રીમતી અંજલી ડુંગરશી ગોસર (મંજલ)
● ૧૬,૧૧૬/- દિપક પૂજા :- શ્રીમતી ઝવેરબેન ખીમજી રવજી ગોસર (મંજલ)
● ૨૧,૧૨૧/- ધૂપ પૂજા :- માતુશ્રી લક્ષ્મીબેન મેઘજી માલશી લોડાયા,
હ. : શ્રીમતી સરલાબેન લક્ષ્મીચંદ નાગડા (નલીયા)
● ૫,૦૦૦/- અંગ લુછણા :- નીયાણી ચેતનાબેન પરેશ મૈસેરી (જખ્ખૌ)
● ૮,૦૦૧/- વાક્ષેપ પૂજા :- શ્રીમતી ચેતનાબેન કિર્તીભાઈ ભવાનજી હરીયા (શેરડીવાલા-ભાડુંપ)

## અતિથિગૃહ - ભોજનશાળાના વિવિધ લાભાર્થીઓ

● પ્રેમધન પ્રવેશ દ્વાર :- માતુશ્રી પ્રેમાબાઈ ધનજી કેશવજી લોડાયા, હસ્તે : શ્રીમતી નિર્મળાબેન પ્રફુલ ધનજી લોડાયા
● જલપા પ્રવેશ દ્વાર :- માતુશ્રી ભાણબાઈ પાસુભાઈ વીરજી ગોસર, હસ્તે : શ્રીમતી જવેરબેન લક્ષ્મીચંદ ગોસર
● અતિથિગૃહ મુખ્ય દાતાશ્રી :- માતુશ્રી પાનબાઈ ભવાનજી રવજી ગોસર સમસ્ત પરિવાર
● ભોજનશાળાના મુખ્ય લાભાર્થી :- માતુશ્રી સાકરબેન કેશવજી જેઠાભાઈ સાવલા, (બાડા-માટુંગા)
માતુશ્રી ઝવેરબેન ખીમજી રવજી ગોસર (મંજલ-હૈદરાબાદ)
હસ્તે : વાસંતી કિર્તી સાવલા (મિલન મસાલા) (બાડા-માટુંગા)
● અતિથિગૃહના રૂમ-૧ના દાતાશ્રી :- માતુશ્રી નાથબાઈ હીરજી ગડા પરિવાર, હસ્તે : પદમશી હીરજી ગડા પરિવાર (મંજલ)
● અતિથિગૃહના રૂમ-૨ના દાતાશ્રી :- માતુશ્રી કુંવરબાઈ હીરજી કરમશી વોરા,
હસ્તે : પુત્રવધુ શ્રીમતી વિજયાબેન કલ્યાણજી વોરા (મંજલ-ભાડુંપ)
● અતિથિગૃહના રૂમ-૩ના દાતાશ્રી :- માતુશ્રી ઈન્દુમતી અને શ્રી મેઘજી જી. ધરમશી
હસ્તે : મિ. ચંદ્રકાંત અને મિસ. નલીની ધરમશી, (મંજલ-યુ.એસ.એ.)
● અતિથિગૃહના રૂમ-૪ના દાતાશ્રી :- અ.સૌ. ભારતી હિરાચંદ પાશવીર દંડ (મંજલ-કાંદિવલી)
● અન્નપૂર્ણાના દાતાશ્રી :- માતુશ્રી દમયંતીબેન મધુકાન્ત અરજણ દંડ
હસ્તે : અ.સૌ. નેહા તુષાર દંડ (મંજલ - મુલુંડ)
● ટેબલ-ખુરશીના દાતાશ્રી :- માતુશ્રી ભચીબાઈ દેવશી ગોસર (મંજલ - વિક્રોલી)

ઉપરોક્ત નામાવલીઓમાં કયાંક નામદોષ અથવા સરતચુકથી નામ રહી ગયેલ હોય તો- મિચ્છામિ દુક્કડમ્



**૧૩૭મો ધ્વજારોહણનો આદેશ**
**માતૃશ્રી નેણબાઈ હિરજી ખીંયશી લોડાયા પરિવાર તથા**
**માતુશ્રી વાલબાઈ વિશનજી લાલજી ધરમશી પરિવારે લીધેલ છે.**
**સંઘ તેમની ભુરી-ભુરી અનુમોદના કરે છે.**

# મોટી સિંધોડી નેમિનાથ દાદા જિનાલય ધ્વજા મહોત્સવ ૨૦૧૮ અહેવાલ

નેમીનાથ દાદાની અસીમ કૃપાથી તા. ૧૮ એપ્રીલ ૨૦૧૮ (અક્ષય તૃતીયા) ના રોજ દાદાની ૮૯મી ધજા ચડાવામાં આવી. તા. ૧૭/૪/૨૦૧૮ ના રોજ બપોરના ભગવાનને ૧૮ અભિષેક કરવામાં આવ્યા. મુંબઈથી લગભગ ૪૦ જણની હાજરી હતી. અનુષ્ઠાન દરમ્યાન ચડાવા પણ સરસ રીતે થયેલ. મુંબઈ થી લગભગ ૨૦ જણ મીની બસ દ્વારા પ્રમુખા અ.સૌ. હર્ષાબેન લોડાયાની રાહબરી હેઠળ મોટી સિંધોડી પધારેલ અને બાકી લોકો પોતાના વાહન કે ટ્રેન દ્વારા પધારેલ.

**ધજાના લાભાર્થી પરિવારો : મુખ્ય ધજા :** અ.સૌ. હેમલતાબેન લહેરચંદ મોતા - નલીયા (૧૪૪૯૯ મણ) ● **રંગ મંડપની ધજા :** કુ. સીધ્ધી વર્ધમાન લોડાયા (લકી ડ્રો) દોહીત્રી માતુશ્રી રતનબાઈ દામજી મોમાયા પરિવાર ● **અંબીકા દેવીની ધજા :** શ્રી પ્રગતિ મહિલા મંડળ - મોટી સિંધોડીની પદાધિકારી તથા કારોબારી સભ્ય બહેનો (૯૦૦૧ મણ) ● **યક્ષ દેવની ધજા :** માતુશ્રી રતનબાઈ દામજી મોમાયા પરિવાર (૫૫૫૫ મણ) ● **મહાકાલી માતાજીની ધજા :** શ્રી આણંદજી રતનશી મૈશેરી, માતુશ્રી પુરબાઈ ઉમરશી મૈશેરી (૨૦૦૦૭ મણ) ● **પૂર્વ દિશાની ધજા :** અ.સૌ. દર્શનાબેન વિશાલભાઈ શાહ, માંગરોળ-થાણા (૬૨૬૨ મણ) ● **ઉત્તર દિશાની ધજા :** માતુશ્રી મુરબાઈ કેશવજી જેઠાભાઈ મોતા હસ્તે અંજુલ કિશોરભાઈ મોતા (૫૫૫૫ મણ) ● **પશ્ચિમ દિશાની ધજા :** અ.સૌ. સ્વ. જયવંતીબેન ચીમનલાલ લોડાયા (૧૦૦૦૮ મણ) ● **હનુમાનજીની ધજા :** માતુશ્રી રતનબાઈ ભવાનજી લોડાયા પરિવાર, માતુશ્રી લક્ષ્મીબેન નરશી મૈશેરી પરિવાર (૧૧૧૧૧ મણ)

**તા. ૧૭-૪-૨૦૧૮ના સાધર્મિક ભક્તિના દાતા : નવકારશી :** એક સદ્‌ગૃહસ્થ (રૂા. ૩૦૦૦/-) ● **બપોરનું જમણ :** એક સદ્‌ગૃહસ્થ (રૂા. ૫૦૦૦/-) ● **બપોરની ચા :** માતુશ્રી ખેતબાઈ લધુભાઈ લોડાયા (રૂા. ૧૦૦૦/-) ● **ચૌવિહાર :** એક સદ્‌ગૃહસ્થ (રૂા. ૩૦૦૦/-) અને **તા. ૧૮-૪-૨૦૧૮ : નવકારશી :** અ.સૌ. હેમલતાબેન લહેરચંદ મોતા, નલીયા (રૂા. ૩૦૦૦/-) ● **બપોરનું જમણ :** માતુશ્રી રતનબાઈ ભવાનજી લોડાયા પરિવાર (રૂા. ૭૦૦૦/-) ● **બપોરની ચા :** માતુશ્રી સોનબાઈ હીરજી લોડાયા (રૂા. ૧૦૦૦/-) ● **ચૌવિહાર :** એક સદ્‌ગૃહસ્થ (રૂા. ૩૦૦૦/-)

**તા. ૧૭-૪-૨૦૧૮ના અઢાર અભિષેક દરમ્યાન ચડાવા : ચંદ્રદર્શન :** માતુશ્રી રતનબાઈ ભવાનજી લોડાયા (૧૮૧૮ મણ), **સુર્યદર્શન :** સ્તુતી, યુક્તિ, દીયા, ફિયોની હસ્તે પિયુષભાઈ (૧૮૧૮ મણ), **આરતી :** અ.સૌ. હેમલતાબેન લહેરચંદ મોતા (૨૪૨૧ મણ), **મંગલદીવો :** માતુશ્રી રતનબાઈ ભવાનજી લોડાયા (૧૦૦૮ મણ), **શાંતી કળશ :** શ્રી નરપાર મેઘરાજ લોડાયા (૩૫૦૧ મણ), **રાતની આરતી :** અ.સૌ. સ્વ. જયવંતીબેન ચીમનલાલ લોડાયા (૩૦૧ મણ), **મંગલદીવો :** શ્રી ગૌતમ મુલચંદ મૈશેરી (૩૦૧ મણ) તથા **તા. ૧૮-૪-૨૦૧૮ના ધ્વજાના ચડાવા : પક્ષાલપૂજા :** શ્રી આણંદજી રતનશી મૈશેરી (૯૦૧ મણ), **કેસરપુજા :** અ.સૌ. પ્રેમલતાબેન જીતેન્દ્ર લાપશીયા, નલીયા-ભાવનગર (૮૦૧ મણ), **આરતી :** માતુશ્રી રતનબેન દામજી મોમાયા (૧૩૦૫ મણ), **મંગલદીવા :** શ્રીમતી નવલબેન રતનશી લોડાયા અને શ્રીમતી જયવંતીબેન ગોવિંદજી મોમાયા (૪૫૪૫ મણ), **શાંતીકળશ :** માતુશ્રી રતનબેન ભવાનજી લોડાયા (૪૦૦૫ મણ)

## સર્વે દાતા પરિવારોની ખૂબ ખૂબ અનુમોદના...

આપણા ટ્રસ્ટી શ્રી મુલચંદભાઈ, પ્રમુખા અ.સૌ. હર્ષાબેન, કારોબારી સભ્ય શ્રી હેમાંગભાઈ તથા અન્ય લોકોએ ભોજન શાળાની સરસ વ્યવસ્થા સંભાળેલ. રોજ લગભગ ૫૦ જણનો રસોડું હતું. પુજારી શ્રી બળવન્તભાઈ ખૂબજ ખંતથી દરેક કામ કરતા હતા. જીર્ણોદ્ધારનું કામ ઝડપી પૂર્ણ થાય તે માટે વિધિકાર શ્રી જીગ્નેશભાઈ સંઘવીએ બધા ટ્રસ્ટી તથા મહાજનના સભ્યો અને પધારેલ દરેક સભ્યોને યથાશક્તિ નિયમ આપ્યો. ચેરમેન શ્રી મુકેશભાઈ લોડાયા, પ્રમુખા અ.સૌ. હર્ષાબેન, ઉપપ્રમુખ શ્રી ભરતભાઈ, કારોબારી સભ્ય હેમાંગભાઈ, જ્યોત્સનાબેન, ટ્રસ્ટીશ્રી ચિમનભાઈ તથા મુલચંદભાઈ, ભૂતપૂર્વ કારોબારી સભ્ય શ્રી ખુશાલભાઈ મૈશેરી તથા દરેક આવેલ સભ્યોએ ખૂબજ સહકાર આપી સમગ્ર કાર્યક્રમને ધર્મમય તથા આનંદમય બનાવીને રંગ રાખ્યો. તા. ૧૮ ના ઠીક બપોરે ૪ કલાકે શ્રી નેમીનાથ દાદાની જય બોલાવી સૌ મુંબઈ તરફ પ્રયાણ કર્યુ.

## ૨૦૧૮ થી ૨૦૨૧ ની મુદત માટે ટ્રસ્ટ તથા મહાજનની ટીમ

**મેનેજિંગ ટ્રસ્ટી :** શ્રી તિલકભાઈ પ્રેમજી લોડાયા - 09930982061, **ટ્રસ્ટી-ખજાનચી :** શ્રી ચિમનભાઈ લધુભાઈ લોડાયા - 09867285195, **ટ્રસ્ટી-માનદ્‌મંત્રી :** શ્રી હરીશભાઈ પ્રવિણચંદ્ર મોમાયા - 09820285781, શ્રી દિનેશભાઈ રતનશી મૈશેરી - 09221047246, શ્રી મુલચંદભાઈ ઉમરશી મૈશેરી - 09324230244, **ચેરમેન :** શ્રી મુકેશભાઈ ભવાનજી લોડાયા - 09821154326, **પ્રમુખા :** અ.સૌ. હર્ષાબેન ઉદયન લોડાયા - 09869248303, **ઉપપ્રમુખ :** શ્રી ભરતભાઈ ભવાનજી લોડાયા - 09820750408, **સહ માનદ્‌મંત્રી :** શ્રી લહેરચંદભાઈ નરશી મૈશેરી - 09833156066, **કારોબારી સભ્ય :** શ્રી હેમાંગભાઈ લાલજી શાહ - 09920646846, અ.સૌ. જ્યોત્સનાબેન લહેરચંદ મૈશેરી - 09820529555, શ્રી કિરણભાઈ લાલજી પટેલ - 08888126600, શ્રી ગૌતમભાઈ મુલચંદ મૈશેરી - 09322255900, શ્રી મેહુલ મૈશેરી - 09821111784, અ.સૌ. વીણાબેન રાજેશ મોતા - 09870754609

**પર્યુષણ પર્વ સ્થાનિકે ઉજવવા માટે ગામવાસીઓ તથા નિયાણી બહેનો સહપરિવારને ભાવભર્યું આમંત્રણ.**

## આઈ ક્યુ, ઈક્યુ, બીક્યુ અને એમક્યુ

- પ્રવીણ લોડાયા, વડોદરા

કેડીઓ સ્ટાર્ટઅપ, બેંગલોરનો એક સ્ટુડન્ટ (ચિકપેટ) બેંગલોર માં આવેલી રેડિમેડ કપડાંની દુકાનમાં પોતાની બેન માટે ડ્રેસ લેવા ગયો. દુકાનમાં ભારે ભીડ હતી. દુકાન માલિક રાજસ્થાની યુવક હતો. યુવક દસમાં ધોરણમાં નપાસ થયો ત્યારે તેના કાકા તેને બેંગલોર લઈ આવ્યા હતા.

બે-ત્રણ વર્ષ કાકાની દુકાનમાં નોકરી કરીને તેણે પોતાની દુકાન શરૂ કરી હતી. એનું નામ બ્રહ્મદેવ હતું. આપણા સ્ટુડન્ટે જોયું કે રાજસ્થાની બ્રહ્મદેવ બધા ગ્રાહકો સાથે અણિશુદ્ધ કન્નડ ભાષામાં જ વાત કરતો હતો.

સ્ટાર્ટઅપ વિદ્યાર્થી જેસલે બ્રહ્મદેવને પૂછ્યું, 'તું કન્નડ ભાષા કેવી રીતે શીખ્યો?'

બ્રહ્મદેવ કહે, હું ગ્રાહકો સાથે વાત કરતાં કરતાં જ કન્નડ શીખી ગયો. શરૂઆતમાં મને બહુ મુશ્કેલી પડતી હતી, પણ હું ગ્રાહકો સાથે જેમ જેમ કન્નડમાં વાત કરતો ગયો તેમ મારું કન્નડ સુધરતું ગયું. કન્નડ ઉપરાંત હું મરાઠી, ગુજરાતી, હિન્દી, ઈંગ્લિશ, તામિલ, તેલુગુ અને મઈયાલમ ભાષાઓ પણ બોલી શકું છું. આ બધી ભાષાઓ હું ગ્રાહકો પાસેથી જ શીખ્યો છું.

હું ૧૫ વર્ષનો હતો ત્યારે રાજસ્થાનથી આવ્યો હતો. અત્યારે મારી ઉંમર ૨૫ વર્ષની છે. આ ચિકપેટ વિસ્તારમાં તમને જેટલી દુકાનો જોવા મળે છે તે ચલાવતા મોટા ભાગના રાજસ્થાની યુવાનો કૉલેજમાં ગયા નથી.

મેનેજમેન્ટના સ્ટુડન્ટ જેસલને હવે બ્રહ્મદેવની ઈર્ષ્યા થવા લાગી હતી. તે પોતે ૨૧ વર્ષની ઉંમરે સ્નાતક થયો હતો. બે વર્ષ તેણે એમ.બી.એ. થવામાં ગાળ્યા હતા. તેને હજી ૧૦ હજાર રૂપિયાની પગારની નોકરી પણ નહોતી મળી. એટલે તે હવે કંપની સેક્રેટરીનો કોર્સ કરી રહ્યો હતો. તેણે બ્રહ્મદેવને કહ્યું, મારે ન પૂછવું જોઈએ, પણ મને જાણવાની ઈચ્છા છે કે તારી કમાણી કેટલી છે? બ્રહ્મદેવ કહે, તેનો આધાર સિઝન પર છે. ઓફ સિઝનમાં હું મહિને ૩ થી ૪ લાખ રૂપિવેરા કમાઉ છું, પણ સિઝનમાં હું મારી કમાણી ૭ થી ૮ લાખ પર પહોંચી જાય છે. તહેવારોમાં તો માસિક ૧૨ થી ૧૫ લાખ પર પહોંચી જાય છે. આ જવાબ સાંભળીને સ્ટાર્ટઅપ સ્ટુડન્ટ જેસલને લગભગ ચક્કર આવી ગયા. તેણે બ્રહ્મદેવને પૂછ્યું, તને કૉલેજનું શિક્ષણ પૂરું ન કરવાનો અફસોસ નથી?

બ્રહ્મદેવ કહે, ના સર! મારો અનુભવ કહે છે કે આજનું શિક્ષણ લેનારા ડરપોક બની જાય છે. તેમનામાં સ્વતંત્ર ધંધો કરવાની હિંમત રહેતી નથી. તેઓ નોકરી જ શોધે છે. નોકરી મળે તો પણ તેઓ સતત ભય નીચે જીવે છે કે નોકરી ચાલી જશે તો શું થશે ?

આ દરમિયાન એક ગ્રાહક શર્ટ-પેન્ટની ૧૦ જોડી લઈને પેમેન્ટ કરવા આવ્યો. બ્રહ્મદેવે તેનું બીલ બનાવ્યું અને કેલક્યુલેટરની મદદ વિનાજ સરવાળો કરી હિસાબ કરી નાખ્યો આમ કરતાં તેને માંડ બે મિનિટ લાગી હતી.

જેસલ કહે, બૉસ! તને તો કેલક્યુલેટરની પણ જરૂર નથી પડતી! બ્રહ્મદેવ કહે, કેલક્યુલેટરની જરૂર તમને ભણેલાને પડે, હું તો અભણ છું. માટે કેલક્યુલેટર વગર જ હિસાબ કરું છું. જો ગણતરીમાં જરાય ભૂલ કરુ તો મને નુકસાન જાય માટે મારી ગણતરી સચોટ હોય છે. બ્રહ્મદેવ સાથેની મુલાકાત પછી જેસલને જે બોધપાઠ મળ્યો તે જાણવા જેવો છેઃ

૧) કૉલેજનાં શિક્ષણ વગર પણ બ્રહ્મદેવ જૉબલેસ નથી. જ્યારે ડિસ્ટિન્કશન સાથે સ્નાતક થયેલા આપણા યુવાનો નોકરી શોધે છે અને નોકરી ન મળે તો હતાશ થઈ જાય છે.

૨) મૅનેજમેન્ટનો કોર્સ કર્યા વિના પણ બ્રહ્મદેવમાં કોમ્યુનિકેશનની કુનેહ છે, જેને કારણે તે ધંધામાં સફળ થયો છે. મૅનેજમેન્ટના સ્નાતકોમાં પણ આટલી કોમ્યુનિકેશન સ્કિલ હોતી નથી.

૩) કૉલેજમાં ગયા વગર પણ બ્રહ્મદેવ મહિને લાખો રૂપિયા કમાય છે, જ્યારે આજના સ્નાતકો ફરિયાદ કરે છે કે તેમનો પગાર હપ્તાઓ ભરવામાં જ પૂરો થઈ જાય છે.

૪) બ્રહ્મદેવ પાસે મૅનેજમેન્ટની ડિગ્રી નથી, તો પણ તેને પોતાની રોજી ગુમાવવાનો ભય નથી. ઉચ્ચ શિક્ષણ લીધા વિના પણ બ્રહ્મદેવનું મગજ ગણતરીમાં તેજસ્વી છે. બ્રહ્મદેવની સરખામણીએ મૅનેજમેન્ટની ડિગ્રી ધરાવતા મોટી કંપનીઓના ટોચના ઑફિસરો પણ નોકરી ચાલી જવાના ભય હેઠળ જીવે છે, જેને કારણે તેઓ જાતજાતના માનસિક રોગોનો ભોગ બને છે.

હવે બેંગલોરથી ઉજૈન આવીએ. ઉજૈનના એક સ્ટાર્ટઅપ વિદ્યાર્થીનો કિસ્સો જોઈએ. ભગવાન મહાકાલેશ્વરના શહેર ઉજૈનમાં રહેતા આપણા જ્ઞાતિજન મહેશભાઈએ કહેલ કિસ્સો સાંભળીએ. ટાટા કેપિટલ્સ કંપની પાસેથી રોકાણ મેળવીને આ વિદ્યાર્થી આનંદ અરિબા ફૂડ પ્રાઈવેટ લિમિટેડના નામથી ફ્રોજન ઈન્ડસ્ટ્રીમાં પણ ખૂબ આગળ વધી ગયો છે વર્ષે ૭૦૦ થી ૮૦૦ કરોડનો બીઝનેસ થાય છે.

આપણે એમ કહીએ કે એમનો આઈક્યુ સારો હશે પરંતુ, માત્ર મેમરીને આઈક્યુના જમાના જુના થયા. હવે તો ઈન્ટેલીજન્સ ઉપરાંત ઈમોશનલ ક્વોશન્ટ-ઈક્યુ, એથી આગળ બોડી ક્વોશન્ટ યાને બીક્યુ અને મોરલ ક્વોશન્ટ એમક્યુ પણ હોય છે.

લાગણીઓ પર જે કાબૂ રાખે છે, સંતુલિત રહે છે, ઝટ ક્રોધ નથી કરતા ને મદદગાર બને છે. સંબંધો ને વિશ્વાસ કેળવે છે, હસતા રહે છે, ફિટનેસ રાખે છે, પૂરતો આરામ લે છે, સારો આહાર લે છે. સુંદરતાને પાપ નથી સમજતા, સ્વસ્થ

રહેવા માટે ના પાડી શકે છે. નકામા સ્ટ્રેસથી દૂર રહે છે, આનંદ કરવા માટે કમાવા ઉપરાંત એ ખર્ચવાના શોખમાંય પેશન રાખે છે, આધ્યાત્મિક સમતા રાખે છે.

નીતિ, પ્રામાણિકતા, ઉદારતા, ક્ષમા, મૂલ્યો ને નિષ્ઠા ગુમાવતા નથી. સદગુણો કેળવે છે ને પોતાની સાથે બીજાનીય ખેવના કરે છે એવા આશાવાદીઓ સફળ તો ઠીક, વધુ સુખી થાય છે! જગતમાં આર્થિક સફળતા પણ ટેક્નિકલ નૉલેજને લીધે ૧૫% જ મળે છે. ૮૫% તો હ્યુમન એન્જિનીઅરિંગથી મળે છે. યાને કોમ્યુનીકેશન, નિગોશિએશન, લીડરશીપ, ડિસીશન, મેકીંગની આવડત. યોગ્ય દિશામાં સતત પ્રયાસોથી કે એક દિવસ ધાર્યા કરતાં અલગ પણ વધુ સારી મંઝિલ મળશે. ને એ યાત્રામાં મોજ મળશે એ તો બોનસ.

---

### અનંતનાથ કોમ્પ્લેક્સ - કાંજુરમાર્ગ ખાતે શ્રી વિમલનાથ દાદાની પ્રથમ વર્ષગાંઠે ત્રિહાન્હિકા મહોત્સવ

